DATE :- 10/01/2026
SANDESH, PAGE-7. SURAT

### જર્મનીના ચાન્સલર સાથે સોમવારે મહાત્મા મંદિરમાં MOU

# PM આજથી ૩ દિવસ ગુજરાતમાં કાલે મેટ્રો ફેઝ-ટૂનું લોકાપર્ણ કરશે

। ગાંધીનગર ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી શનિવારથી ત્રણ દિવસ ગુજરાતના પ્રવાસે છે. શનિવારે સાંજે તેઓ શ્રી સોમનાથ પહોંચશે. આ તીર્થસ્થાને જ તેઓ રાત્રીરોકાણ કરશે અને રવિવારે સોમનાથમાં પૂજા- દર્શન પહેલા શૌર્યયાત્રામાં જોડાશે. ત્યાંથી રાજકોટ ખાતે પ્રાદેશિક વાઈબ્રન્ટ સમિટનું ઉદ્દઘાટન કરીને સાંજે અમદાવાદ પહોંચશે. સાંજે ૫-૧૫ કલાક આસપાસ ગાંધીનગરમાં તેઓ મહાત્મા મંદીર મેટ્રો સ્ટેશન પરથી મેટ્રો ફેઝ-૨નું ઉદાઘાટન કરશે.

**સોમનાથમાં રાત્રી રોકાણ, કાલે શૌર્ય યાત્રા બાદ રાજકોટ પહોંચશે**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ગુજરાત પ્રવાસ દરમિયાન જર્મનીના ચાન્સેલર ફ્રેડરિક મર્ઝ અહીં આવી રહ્યા છે. ૧૨મી જાન્યુઆરીને સોમવારે બંને વચ્ચે મુલાકાત થશે. આ બંને સોમવારે સાબરમતી આશ્રમની મુલાકાત લેશે અને બાદમાં રિવરફ્રન્ટ ઉપરથી પતંગોત્સવનો આરંભ કરાવશે. આ જ દિવસે મહાત્મા મંદિરમાં ભારત સરકારના વિદેશ મંત્રાલયે જર્મની સાથેની દ્વિપક્ષીય બેઠકનું આયોજન કર્યુ છે. જેમાં ભારત અને જર્મની વચ્ચે પરસ્પર સહકાર, રોકાણ અને સાંસ્કૃતિક આદાનપ્રદાન માટે MOU કરવામા આવશે તેમ જાણવા મળ્યુ છે.

ત્રણ દિવસના પ્રવાસ દરમિયાન વડાપ્રધાન મોદી રવિવારે ગાંધીનગર સ્થિત રાજભવનમાં રોકાણ કરશે. આ કારણોસર અમદાવાદ- ગાંધીનગરને જોડાતા માર્ગો ઉપર સુરક્ષાને વધારી દેવામા આવી છે.

મોદી અને જર્મનીના ચાન્સેલર મર્ઝ બેઉ અમદાવાદથી ગાંધીનગર વચ્ચે સોમવારની સવારે મેટ્રો ટ્રેનમાં પણ પ્રવાસ કરી શકે છે.